**GJSK140010492022**

**CC/918/2022**

**Government of Gujarat Vs. VALIBEN KANAJI DABHAI**

**ગુન્હો–** ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫–એએ મુજબ...

**આંક –૧ લગત ચુકાદો**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એ છે કે, હાલના આરોપી વિરૂઘ્ધ ગુજરાત નશાબંધી ધારાની કલમ :૬૫–એએ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ઘ્વારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. સબબ આરોપી વ્રિરૂઘ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાતરી કરેલ છે. ત્યારબાદ આરોપી વિરૂઘ્ધ ક્રિ.પો.કોડની કલમ ૩૨૦ અન્વયે ચાર્જફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતાં તેમને સ્વેચ્છાપૂર્વક ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી અદાલત સમક્ષ જણાવેલ છે કે મારો આ પ્રથમ ગુનો છે અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ. અમારે કોઈ સ્થીર ધંધો નથી. અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ. અમો અમારૂ તેમજ અમારા કુટુંબનું ગુજરાન ચલાવી શકીએ તેવી સ્થિતીમાં ન હોવાથી અને તનાવમાં હોવાથી ગુનો થઈ ગયેલ છે. ચાર્જસીટમા અમારી પાસે દેસી દારુ ગાળવાનો વોશ મળી આવ્યા માત્રનો આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થિતી સારી ન હોય ઉપરાંત કાયમી રોજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર અદાલતમાં આવવાની જરૂર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય. જે તમામ હકીકતોએ આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ. અને કોર્ટ કાર્યવાહીમાં અમારો, કોર્ટનો સમય તેમજ નાણાં વ્યય થાય તેવા ઉદ્દેશ્યથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ. સદર આરોપીને કબુલાત સબબ જણાવવામાં આવેલ છે કે, તેઓ કબુલાત કરવા બંધાયેલા નથી અને તેમ છતાં કબુલાત કરશે તો કાયદા અનુસાર મહત્તમ સજા થઈ શકે છે.તેમ છતાં તેઓએ સ્વેચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરેલ છે. વધુમાં આરોપીને વિનામૂલ્યે કાનુની સહાય મળી શકે છે તે બાબતે પણ જણાવવામાં આવેલ છે.

(૩) સદર કામે રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતા આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામના સરકારી અમલદાર ફરીયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી ડોકટર સાહેદ અને સરકારી તપાસ કરનાર સરકારી અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ પર આવે ત્યારે આરોપીને સજા થાય વર્તમાન કોર્ટમાં પેન્ડીગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહી. આરોપીનો સમય, ફરીયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી

સાહેદનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલ કરે છે ત્યારે તેને ગુના કબુલ સંદર્ભે રજુ કરેલ હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ, ઉપરાંત આરોપી જયારે સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતીઓને ઘ્યાને લઈ તેમજ ગુજરાત રાજય વિરૂઘ્ધ નટવર હરચંદજી ઠાકોર ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લઈ નકકી કરેલ ઓછામાં ઓછી સજા કરતાં પણ ઓછી સજા કરીને ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હીત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ઘ્યાને લઈ આરોપીને દોષીત ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

આ કામના આરોપી:- **વાળીબેન કાનાજી ડાભી, ઉ.વ.૪૫** નાઓને ક્રિ.પો.કોડની કલમ ૨૪૧ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ ૬૫-એએના ગુના સબબ તકસીરવાન ઠરાવી પ્રોહીબીશન એકટની કલમ ૬૫-એએ ના ગુના સબબ રૂ.૧૦૦/- (અંકે રૂપીયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન-૫ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ તા.૧૨/૧૧/૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૨/૧૧/૨૦૨૨

(મેહજબીનબેગમ મેહબુબમીયા સૈયદ)
પ્રિન્સીપાલ સીવીલ જજ
અને જે.એમ.એફ.સી,
વડાલી સ્પેશીયલ સીટીંગ
જજ કોડ-જીજે૦૧૪૫૨